પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૪૨, કુલ પાના:૪, તારીખ: ૦૯-૧૦-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 42 PRICE :-RS. 1.50 DATE : 09-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### ટ્રમ્પે કોરોના સંક્રમિત થવું ઈશ્વરના આશિર્વાદ ગણાવ્યા

## કોરોના ફેલાવવા બદલ ચીને ભારે કિંમત ચૂકવવી પડશે: ટ્રમ્પનો હૂંકાર



વૉશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટીનને ફરી એક વખત ધમકી આપી દીધી છે. ટ્રમ્પે કોરોના મહામારી માટે ચીનને જવાબદાર ગણાવતા કહ્યું કે ચીને વિશ્વ સાથે જે કંઈ કર્યુ છે તેની તેને ભારે કિંમત ચૂકવવી પડશે. ઉલ્લેખનીય વાત એ છે કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ કોરોના સંક્રમિત છે.

દેશને સંબોધન કરતાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હું ચીનને કહેવા માંગુ છું કે કોરોના મહામારી તેની ભૂલ છે અને તેણે તેની ભારે કિંમત ચૂકવવી પડશે. આ અમેરિકનોની ભૂલ નથી. અમેરિકનોએ આના માટે કોઈ કિંમત ચૂકવવી પડશે નહીં.

તો પોતાના એક વીડિયો મેસેજમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના સંક્રમિત થવું 'ઈશ્વરના આશીર્વાદ' ગણાવ્યા. ટ્રમ્પે કહ્યું કે હું એકદમ સારું મહેસૂસ કરી રહ્યો છું. મને લાગે છે કે કોરોના સંક્મ્રમિત થવું ભગવાનના આશીર્વાદ હતા. મેં રેજેનરોન દવા અંગે સાંભળ્યું હતું અને લોકોને

### ચૂંટણી પછી કોરોના રસી મળી જવી જોઈએ

લેવાની સલાહ આપી હતી. મેં આ દવાનું સેવન કર્યું. આ અવિશ્વસનીય હતી. તેને શાનદાર કામ કર્યું.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ ચીનની ભૂલ હતી અને ચીને આ દેશ અને દુનિયા માટે જે કર્યુ છે તેની એક મોટી કિંમત ચૂકવવી પડશે. અમે આ દવા (રેજેનરન) ને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે સેનાની મદદ લઈ રહ્યા છીએ અને સાથો સાથ લોકોમાં વહેંચવામાં આવી રહી છે. આ દવા મફતમાં ઉપલબ્ધ થશે તમારે તેના માટે કોઈ પૈસા ચૂકવવા પડશે નહીં.

કોરોના રસી અંગે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે આપણે વહેલામાં વહેલી તકે કોરોના રસી મળવાની છે. મને લાગે છે કે રસી ચૂંટણી પહેલા મળી જવી જોઈતી હતી પરંતુ તેના પર રાજકારણ થઈ રહ્યું છે, ઠીક છે, તેઓ તેમની રમત રમવા માંગે છે, તેથી ચૂંટણી પછી કોરોના રસી મળી હોવી જોઈએ.

### જીડીપીમાં -૯.૬ ટકાનો ઘટાડો, ૨૦૨૧માં આર્થિક વૃદ્ધિ દરમાં સુધારો થઈ શકે છે

## સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહી છે ભારતની અર્થવ્યવસ્થા: વિશ્વ બેન્કનો રિપોર્ટ

જિનિવા,

કોરોના મહામારીને રોકવા માટે ગત ૨૫ માર્ચથી લાંબા સમય સુધી દેશમાં સખ્ત લોકડાઉન કરવામાં આવ્યું હતુ. આ લોકડાઉનના કારણે દેશની ઈકોનોમીમાં મોટી પડતીની આશંકા છે. આ શક્યતા વિશ્વબેંકે જાહેર કરી છે. વિશ્વબેંકના જણાવ્યા પ્રમાણે જીડીપીમાં નકારાત્મકમાં ૯.૬ ટકાની પડતી આવી છે. વિશ્વ બેંકે પોતાના એક રિપોર્ટમાં કહ્યું કે, ભારતની આર્થિક સ્થિતિ આ પહેલા કોઈ પણ સમયની તુલનામાં ઘણી ખરાબ છે.

તેણે કહ્યું કે કોરોના વાયરસ મહામારીના કારણે કંપનીઓ તેમજ લોકોને આર્થિક ઝાટકો લાગ્યો છે. આ સાથે જ મહામારીના પ્રસારને રોકવા માટે દેશભરમાં લોકડાઉનની પણ પ્રતિકૂળ અસર પડી છે. જોકે રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યું છે કે ૨૦૨૧માં આર્થિક વૃદ્ધિ દરમાં વધારો થઈ શકે છે અને ૪.૫ ટકા રહી શકે છે. વિશ્વ બેંકે કહ્યું કે વસ્તીમાં વધારા પ્રમાણે જોઈએ તો પ્રતિ વ્યક્તિ આવક ૨૦૧૯ના અનુમાનથી ૬ ટકા નીચે રહી શકે છે. આનાથી સંકેત મળે છે કે ૨૦૨૧માં આર્થિક વૃદ્ધિ દર ભલે સકારાત્મક થઈ જાય, પરંતુ તેનાથી ચાલું નાણાકીય વર્ષમાં થયેલા નુકસાનની ભરપાઈ ના થઈ શકે.

વિશ્વ બેંકે રિપોર્ટમાં કહ્યું કે, કોરોના વાયરસ અને આની રોકથામના ઉપાયોએ ભારતમાં પુરવઠા અને માંગની સ્થિતિને ગંભીર રીતે અસર કરી છે. વિશ્વ બેંકે કહ્યું કે, ગરીબ પરિવારો અને કંપનીઓને સહારો આપ્યા બાદ પણ ગરીબી દરમાં ઘટાડો પણ મંદ છે. વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી હેંસ ટિમરે કહ્યું કે, "અમે સર્વેમાં જોયું છે કે અનેક લોકોની નોકરી જતી રહી છે. એનપીએમાં વૃદ્ધિ થઈ રહી છે. આ તમામ એવી કમજોરીઓ છે, જેની સામે ભારતે ઝઝુમવાનું છે." તો વિશ્વ બેંકે દક્ષિણ એશિયા ક્ષેત્રમાં ૨૦૨૦માં ૭.૭ ટકાની આર્થિક મંદી આવવાની શક્યતા વ્યક્ત કરી છે. આ વિસ્તારમાં ગત વર્ષ દરમિયાન વાર્ષિક ૬ ટકાની આસપાસ વૃદ્ધિ જોવા મળી છે.

### શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧માં નિરાંતે ફી ભરી શકશે વાલીઓ

## ફી મામલે સ્કૂલ સંચાલકોનો છેદ ઉડાડી રાજ્ય સરકારનો પરિપત્ર જાહેર



ગાંધીનગર,

૩૧મી ઓક્ટોબર સુધીમાં ૫૦ ટકા ફી નહી ભરો તો ૨૫ ટકા ફી માફીનો લાભ નહી મળે તેવા ખાનગી સ્કૂલ સંચાલકોના જુઠાણાનો રાજ્ય સરકારે ઠરાવ કરીને છેદ ઉડાડયો છે. ખાનગી સ્કૂલોની ફીમાંથી ૨૫ ટકા ઘટાડાના સંદર્ભમાં સરકારે બુધવારે ઠરાવ પ્રસિદ્ધ કર્યો છે અને તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, વાલી પોતાની અનુકુળતાએ શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧માં ફીની રકમ માસિક ધોરણે કે એકસાથે પણ ભરી શકશે. ફી ભરવામાં વિલંબ થાય તો શાળા વાલી કે વિદ્યાર્થી પાસેથી કોઈ દંડ વસુલી શકશે નહીં. જો કોઈ વાલીએ ૧૦૦ ટકા ટ્યુશન ફી એડવાન્સ ભરી હોય તો તે વાલીને આગામી સમયમાં લેવાની થતી ફી સામે આવી વધારાની રકમ સરભર કરી આપવાની રહેશે.

સપ્તાહ પહેલા સરકારે ટ્યુશન ફીમાં ૨૫ ટકાનો કાપ મૂકવા અંગે કરેલી જાહેરાતમાં અનુરોધ કર્યો હતો કે, વાલીઓ ૫૦ ટકા ફી ૩૧મી ઓક્ટોબર સુધી ભરે. જોકે આ વાતનો ફાયદો ઉઠાવી ખાનગી સ્કૂલોના સંચાલકો વાલીઓને એવી ધમકી આપવા લાગ્યાં હતા કે, જો ૩૧મી ઓક્ટોબર સુધીમાં ફી નહી ભરવામાં આવે તો અમે ૨૫ ટકા ફી માફીનો લાભ નહી આપીએ. જોકે અત્યારે તો સરકારે આ મુદ્દે સ્પષ્ટતા કરી દીધી છે કે, ફી ભરવા માટે કોઈપણ પ્રકારનું દબાણ કરી શકાશે નહી. પરંતુ સવાલ એ થાય છે કે, ખાનગી સ્કૂલના સંચાલકો દ્વારા વાલીઓને ૩૧મી સુધી ફી ભરવાનું ધમકી સાથે દબાણ કરશે તો હજુ રાજ્ય સરકાર હાથ જોડીને બેસી રહેશે કે પછી આવા સંચાલકો સામે કડક કાર્યવાહી કરશે ?

કારણ કે સરકારની જાહેરાત પછી પણ ખાનગી સ્કૂલના સંચાલકો જુઠ્ઠાણા ચલાવી વાલીઓ પાસેથી ફી ઉઘરાવી રહ્યા છે. પરિપત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ના બીજા સત્રની તમામ ફીની રકમ જો બાકી હોય તો તેમજ વર્તમાન શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ના પ્રથમ સત્રની ૨૫ ટકા કાપ કર્યા બાદની ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ ૩૧મી ઓક્ટોબર સુધીમાં ભરપાઈ કરી આપે તે ઈચ્છનીય રહેશે. પરંતુ અસામાન્ય સંજોગોમાં સમયમર્યાદામાં ફી ભરવા માટે કોઈ વાલી અક્ષમ હોય તો, વાલી દ્વારા શાળા સંચાલક સમક્ષ કારણો સહિતની રજૂઆત કરવામાં આવે. આ રજૂઆતને શાળા સંચાલકે કેસ ટુ કેસ ગુણદોષને ધ્યાને લઈને સુચારૂ રીતે નિવારણ લાવવાનુ રહેશે.

## હવે ખાનગી લેબોરેટરીઓ પણ કરી શકશે કોરોના રેપિડ એન્ટિબોડી ટેસ્ટ



ગાંધીનગર,

રાજ્યમાં કોરોના સંક્રમણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે ત્યારે સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગુજરાતનાં આરોગ્ય વિભાગે ખાનગી લેબોરેટરીઓને પણ રેપિડ એન્ટિબોડી ટેસ્ટ કરવાની મંજૂરી આપી દીધી છે. આરોગ્ય વિભાગની યાદી પ્રમાણે, આ માટે જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને કોર્પોરેશનના આરોગ્ય અધિકારીને મંજૂરી આપવા માટે અધિકૃત કરાયા છે. ઈએલઆઈએસએ ફોર એન્ટિબોડી ટેસ્ટ દર્દી લેબોરેટરીમાં જઈને ટેસ્ટ કરાવે તો રૂપિયા ૪૫૦ અને દર્દીના ઘરે કે હોસ્પિટલમા જઈ સેમ્પલ કલેક્ટ કરે તો રૂપિયા ૫૫૦નો ખર્ચ થશે, તેમ જણાવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, વિવિધ ખાનગી લેબોરેટરીઓએ સરકાર પાસે રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવા માટે મંજૂરી આપવાની માગણી કરાઈ હતી. જેથી કેટલીક શરતોને આધિન તેમજ ચોક્કસ યોગ્યતા ધરાવતી ખાનગી લેબોરેટરીઓને રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવાની મંજૂરી અપાઈ છે. જે મુજબ લેબમાં એમડી પેથોલોજીસ્ટ કે એમડી માઈક્રોબાયોલોજીસ્ટ ફરજીયાત ઉપલબ્ધ હોવા જોઈએ. સત્તાવાર જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે કે,

ટેસ્ટ માટે આઈસીએમઆર માન્યતા પ્રાપ્ત ઈએલઆઈએસએ કે સીએલઆઈએ રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કીટ વાપરવાની રહેશે. એલઆઈએસએ ફોર એન્ટીબોડી ટેસ્ટ જો દર્દી લેબમાં કરાવે તો રૂ.૪૫૦ અને જીજેએ ફોર એન્ટીબોડી ટેસ્ટ કરાવે તો રૂ. ૫૦૦નો ચાર્જ લેવાનો રહેશે. આ સાથે લેબોરેટરીએ જે-તે દિવસે કરેલા ટેસ્ટની સંપૂર્ણ વિગતો જે-તે જિલ્લા/કોર્પોરેશનને અચૂક આપવાની રહેશે તેમજ આ માહિતી દર્દી અને હોસ્પિટલ સિવાય અન્ય કોઈપણ સંસ્થાને આપવાની રહેશે નહિ. યાદીમાં જણાવ્યા પ્રમાણે, માન્યતા આપવામાં આવેલી તમામ લેબોરેટરીઓએ ભારત સરકાર કે રાજ્ય સરકારની ગાઈડલાઈન્સનો સંપૂર્ણ અમલ કરવાનો રહેશે.

### ૯૧૫ કરોડ રૂપિયામાં થયો સોદો

## IT કંપની ઈન્ફોસિસ અમેરિકાની એનેલિટિક્સ કંપની બ્લુ એકોર્ન ICIને ખરીદશે

ન્યુ દિલ્હી,

દેશની દિગ્ગજ આઈટી કંપની ઈન્ફોસિસ અમેરિકાની એનેલિટિક્સ કંપની બ્લુ એકોર્ન આઈસીઆઈને ખરીદવા જઈ રહી છે. આ સોદો ૧૨૫ મિલિયન ડોલર એટલે કે અંદાજે ૯૧૫ કરોડ રૂપિયામાં થયો છે. રેગ્યુલેટરી ફાઈલિંગ દ્વારા ઈન્ફોસિસે આ જાણકારી આપી છે. ઈન્ફોસિસના કહેવા પ્રમાણે આનાથી કંપનીના ગ્રાહકોને અપાતી સેવાઓ વધુ ઉત્કૃષ્ટ બનશે. કંપનીના કહેવા પ્રમાણે તે પોતાના ગ્રાહકોના ડિજિટલ બદલાવની સફરમાં મદદ માટે વચનબદ્ધ છે.

રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહેવામાં આવ્યું છે કે બ્લુ એકોર્ન આઈસીઆઈની પાસે ઉત્તમ ગ્રાહક અનુભવ, ડિજિટલ કોમર્સ, એનેલિટિક્સ અને અનુભવ આધારિત કોમર્સ સેવાઓ છે. તેનાથી ઈન્ફોસિસની ક્રોસ-ટેકનીક ક્ષમતામાં મહત્વનો વધારો થશે. ઈન્ફોસિસના પ્રમાણે, આ સોદો ૧૨૫ મિલિયન ડોલરમાં થયો છે. તેમાં મેનેજમેન્ટ ઈન્સેન્ટિવ અને બોનસ પણ સામેલ છે. આ સોદો નાણાકીય વર્ષ ૨૦૨૧ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં પૂરો થઈ શકે છે.

ઈન્ફોસિસના પ્રેસિડન્ટ રવિ કુમાર એસ. કહે છે કે પોતાના ગ્રાહકોની ડિજિટલ પ્રાથમિકતાઓને પૂરી કરવાની ઈન્ફોસિસની સફરમાં બ્લુ એકોર્ન આઈસીઆઈની ખરીદી એક મહત્વનો માઈલસ્ટોન સાબિત થશે.

## રાજ્યમાં ચરસ-ગાંજા, ડ્રગ્ઝનો ધંધો કરનાર ૭૯ લોકોની કરાઈ

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોના મહામારી દરમિયાન રાજ્ય પોલિસના નશા મુક્તિ અભિયાનને મોટી સફળતા મળી છે. ગઈ ૫ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર સુધી ચાલેલા આ અભિયાનમાં નશીલા પદાર્થોનો ધંદો કરનાર ૭૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. સાથે જ સાડા ચાર કરોડના નશીલા તેમજ માદક પદાર્થો જપ્ત કરવામાં આવ્યા. પોલિસની આ કાર્યવાહીને ડીજીપી આશિષ ભાટિયાએ મોટી સફળતા ગણાવી છે.

ગયા મહિને ભાટિયાએ જ ગુજરાતના બધા જિલ્લાના પોલિસ અધિકારીઓને નશા મુક્તિ અભિયાન સંબંધી નિર્દેશ આપ્યા હતા. કહેવામાં આવ્યુ હતુ કે બધા પોત પોતા જિલ્લામાં પોલિસની એક મેગા ડ્રાઈવ શરૂ કરે. જેમાં સુરત જિલ્લા પોલિસને વધુ સફળતા મળી. અહીંની પોલિસે લગભગ અઢી કરોડના મેફેડ્રોનને જપ્ત કર્યુ. રાજ્યભરમાં કુલ મળીને ૪ કરોડ ૩૯ લાખ રૂપિયાની કિંમતનો નશીલો તેમજ માકદ પદાર્થ જપ્ત કરવામાં આવ્યો. જપ્ત કરવામાં આવેલ નશીલા તેમજ માદક પદાર્થોમાંથી ૧ કરોડ ૩૫ લાખનો ગાંજો, દોઢ લાખની અફીણ, ૧૭ લાખની ચરસ, ૪ લાખન ડોડડા તેમજ સિંથેટીક ડ્રગ્ઝ તેમજ નશીલી ટેબ્લેટ તેમજ દવાઓ જણાવાઈ. આ પહેલા જ્યારે આખા દેશમાં લૉકડાઉન હતુ ત્યારે ગુજરાતના ઘણા શહેરોમાં પોલિસે જુગારીઓ સામે પણ કાર્યવાહી કરી હતી. જો કે ડ્રગ્ઝ તેમજ અન્ય નશીલા પદાર્થ પોલિસે ૫ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર સુધી ચાલેલા અભિયાનમાં વધુ જપ્ત કર્યા છે.

## નેતાઓની રેલીઓ નથી નડતી, ચૂપચાપ ઉપવાસ પર ઉતરેલા ૯૯ વિદ્યાર્થીઓ સામે નોંધાયો ગુનો

ગાંધીનગર,

ગુજરાત સરકારને ભાજપના નેતાઓના અને મંત્રીઓના ટોળા ટપ્પા, કાર્યક્રમો નથી દેખાતા પણ તેમને સામાન્ય માણસની નાની અમથી વાત પણ દેખાઈ જાય છે ત્યારે ગાંધીનગરમાં ઘમાસાણ મચ્યુ છે. બેરોજગારી દિવસેને દિવસે વધી રહી છે અને એમાંય શિક્ષિત બેરોજગારીએ તો ગુજરાતની કમર ભાંગી નાંખી છે એવામાં કોરોનાની મહામારી અને લોકડાઉને લોકોની આર્થિક હાલત ભૂંડી કરી મૂકી છે. ત્યારે ગાંધીનગરમાં કેટલાક વિદ્યાર્થીઓનું આંદોલન કરવું સરકારને નહોતુ ગમ્યુ અને તેમની અટકાયત કરી ધરપકડ કરવામાં આવી હતી. ગાંધીનગર ખાતે જીપીએસસી, એસઆરપીના ઉમેદવારોનું આંદોલન ઉગ્ર બન્યુ છે.

આંદોલન કરી રહેલા ઉમેદવારો સામે ગુનો દાખલ કરાયો છે. ૯૯ ઉમેદવારો સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે. જાહેરનામા ભંગ અને એપેડમિક ડિસિઝ એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યા છે. સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં ઉમેદવારો આંદોલન કરી રહ્યાં હતા. ૫ દિવસથી ઉમેદવારો આંદોલન કરી રહ્યાં છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જે. એસ. મકવાણા

મુ. ભંડોઈ, તા. મોરવા (હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. બી. પટેલ

મુ. માતરીયાવાડી, તા. મોરવા (હ)

## કોરોના કેસમાં વધારો: છેલ્લા ૨૪ કલાકમાં ૭૮૫૨૪ પોઝિટિવ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાએ ફરી સ્પીડ પકડતા ૨૪ કલાકમાં વધુ ૭૮,૫૨૪ કેસ નોંધાયા છે અને કુલ કેસ લોડ ૬૮ લાખને પાર થઈ ગયો છે. બીજીતરફ કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૫૮,૨૭,૭૦૪ થઈ હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે. કોવિડ ૧૯નો રિકવરી રેટ ૮૫.૨૫ ટકા થયો છે.

વિતેલા ૨૪ કલાકમાં નવા પોઝિટિવ કેસના ઉમેરો થતા કુલ દર્દીઓનો આંક ૬૮,૩૫,૬૫૫ થયો હતો. આ ગાળામાં કુલ ૯૭૧ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૦૫,૫૨૬ થયો હતો. દેશમાં હાલમાં કુલ સક્રિય કેસોનો આંક ૯,૦૨,૪૨૫ થયો છે જે કુલ કેસ લોડના ૧૩.૨૦ ટકા થાય છે. કોવિડથી મૃત્યુદર ૧.૫૪ ટકા નોંધાયો છે.

કોરોના કાળના છ માસમાં દેશમાં કેસમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. માર્ચમાં ૫૦૦ કેસ બાદ તબક્કાવાર લકોડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. ૭ ઓગસ્ટના દેશમાં ૨૦ લાખ કેસો નોંધાયા હતા ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ અને ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ કેસ નોંધાયા હતા. વિતેલા ૧૦ દિવસમાં દેશમાં ૮ લાખથી વધુ કેસો નોંધાયા છે.

આઈસીએમઆરના ડેટા મુજબ અત્યાર સુધીમાં ૮,૩૪,૬૫,૯૭૫ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૭ ઓક્ટોબરના કુલ ૧૧,૯૪,૩૨૧ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. દેશમાં વિતેલા ૨૪ કલાકમાં વધુ ૯૭૧ દર્દીઓના મોત થયા હતા જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૩૫ દર્દીઓના મોત થયા હતા. કર્ણાટકમાં ૧૧૩, તમિલનાડુમાં ૬૭, પશ્ચિમ બંગાળમાં ૫૮, ઉત્તર પ્રદેશમાં ૪૭, દિલ્હીમાં ૩૫, આંધ્રપ્રદેશમાં ૩૪, પંજાબમાં ૩૩ અને છત્તીસગઢમાં ૩૦ દર્દીઓના મોત નોંધાયા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં વિરપુર તાલુકાના હાંડિયા ગામે ડિઝીટલ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,
ગ્રામ્ય વિસ્તારના લોકોને શહેર કે તાલુકા મથક સુધી જવું ન પડે અને સ્થાનિક સ્તરે જ તાત્કાલિક સરકારી સેવાઓનો લાભ મળી રહે તે માટે મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે ગાંધીનગર ખતેથી રાજય સરકારના ડીઝીટલ ગુજરાતના સ્વપ્નને સાકાર કરવાના ભાગરૂપે રાજયવ્યાપી ડીઝીટલ સેવા સેતુનો પ્રારંભ કરાવ્યો હતો.

રાજયવ્યાપી ડીઝીટલ સેવા સેતુ કાર્યક્રમના ભાગરૂપે મહીસાગર જિલ્લાના વિરપુર તાલુકાના હાંડિયા ગામે અન્ન અને નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઇ પાઠક અને લુણાવાડાના ધારાસભ્યના અદયક્ષસ્થાને સેવા સેતુ કાયર્ક્રમ યોજાયો હતો.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

મહીસાગર જિલ્લાના પાંચ તાલુકાના ૬૫ ગામોમાં ડીઝીટલ સેવા સેતુનો પ્રારંભ કરાવતાં અન્ન અને નાગરિક પુરવઠા નિગમના ચેરમેન રાજેશભાઇ પાઠકે ડીઝીટલ ક્રાંતિ થકી સુરાજયની સંકલ્પના સાકાર થઇ રહી હોવાનું જણાવી ગુજરાત સરકારની પ્રજાલક્ષી સેવાઓને ઘરઆંગણે પહોંચાડવાના વન ડે ગર્વનન્સના લોકાભિમુખ અભિગમની પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રી અને તત્કાલિન મુખ્ય મંત્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિના પરિણામે ટેકનલોજીના માદયમથી ઇ–ગર્વનન્સનું સુચારૂં આયોજન કરી શકયા હોવાનું જણાવી હવે ટેકનોલોજી માત્ર શહેરો પૂરતી સીમિત ન રહેતા ગ્રામ્ય કક્ષા સુધી ડીઝીટલ સેવા સેતુના માધ્યમથી મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ ઉપલબ્ધ થાય તેવું આયોજન કર્યુ હોવાનું કહ્યું હતું.

લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવકે ડીઝીટલ સેવા સેતુની સેવા ગ્રામ્ય સ્તરે ઉપલબ્ધ થવાથી નાગરિકોને તાલુકા સ્તર કે જિલ્લા સ્તર સુધી જવાનું કષ્ટ પણ નહીં વેઠવું પડે અને નાગરિક સુવિધાઓ વધુ ઝડપી બનશે તેમી જણાવી આ સુવિધાથી પ્રજાના શ્રમ, સમય અને નાણાંની બચત થશે અને સરવાળે તેમની સુખાકારીમાં વધારો થશે તેમ કહ્યું હતું.

મહીસગાર જિલ્લાના જે પાંચ તાલુકાઓના ૬૫ ગામોમાં આ ડીઝીટલ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે તેમાં ખાનપુર તાલુકાની ૧૦, કડાણા તાલુકાની ૦૮, સંતરામપુર ૧૫, બાલાસિનોર તાલુકાની ૨૦ અને વિરપુર તાલુકાની ૧૨ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.

ડિજિટલ સેવા સેતુ શરૂ થવાથી નાગરિકોને ગ્રામ પંચાયતમાં જ રેશન કાર્ડમાં નામ ઉમેરવા, રેશન કાર્ડમાંથી નામ કાઢવું, રેશન કાર્ડમાં સરનામું સુધારવું, નવું રેશન કાર્ડ કાઢવું, રેશન કાર્ડનું જુદું કરવું, રેશન કાર્ડના વાલી માટેની અરજી, ડુપ્લિકેટ રેશન કાર્ડ, વિધવા સર્ટિફિકેટ, ટેમ્પરરી રેસિડેન્સ સર્ટિફિકેટ, આવકનો દાખલો, અનામતમાં ન હોય તેવી જાતિનો દાખલો (પંચાયત આવક વગર), સિનિયર સિટિઝન સર્ટિફિકેટ , ભાષા આધારિત માઈનોરિટિ સર્ટિફિકેટ, રિલિજિયસ માઈનોરિટિ સર્ટિફિકેટ, વિચરતી સૂચિત જાતિના સર્ટિફિકેટ, મુખ્યમંત્રી કૃષિ સહાય , આવકના દાખલાનું એફિડેવિટ, વિધવા સહાય સંબંધિત એફિડેવિટ, જાતિના દાખલાનું એફિડેવિટ, રેશન કાર્ડ માટેનું એફિડેવિટ, નામ બદલવા માટેનું એફિડેવિટ અને અન્ય તૈયાર એફિડેવિટ જેવી સેવાઓ ઘરઆંગણે મળશે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર બ્લડ ડોનેટ કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર ગ્રામજનોના સહયોગથી ૩૨ બોટલ બ્લડ કરવામાં આવેલું હતું. આ કેમ્પમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડોકટર વિજય ડામોર બ્લડ ડોનેટ ના સહયોગમાં દિવ્યાંગ પણ બ્લડ ડોનેટ કર્યું હતું અમને પ્રમાણપત્ર પણ આપવામાં આવેલા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૮ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૭–૧૦–૨૦૨૦ ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૧૩૨ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, કડાણા તાલુકાના ૦૩ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૯૯૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૩ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૫૭૪૧૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૭ દર્દી હોમ આઇસોલેશન, ૦૭ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૨ દર્દી SDH સંતરામપુર, ૦૫ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૮ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર છે.

## સંતરામપુર યુનિયન બેન્કમાં મેનેજર સહિત ૬ કર્મચારીઓને કોરોના પોઝિટિવ કુલ સંતરામપુર ૧૨ પોઝિટિવ નોંધાયા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં કોરો બન્યો ઘાતક એક સાથે ૧૨ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર માં દોડધામ સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં આજરોજ કોરોના પોઝિટિવ ના ટેસ્ટ કરવામાં આવેલા હતા. જેમાંથી યુનિયન બેંકના મેનેજર અન્ય પાંચ વ્યક્તિ કુલ મળીને ૬ કર્મચારીઓને કોરોના કેસ નોંધાયા હતા સંતરામપુર નગરના અન્ય છ વ્યકિતને અલગ અલગ વિસ્તારોમાં બીજા છ કેસ નોંધાતા કુલ ૧૨ કેસ આવતા સંતરામપુર નગરમાં ચિંતાજનક બન્યો મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના દિન–પ્રતિદિન કોરોના ની સંખ્યા માં વધારો થતો જોવા મળી રહ્યો છે. આરોગ્યતંત્ર દ્વારા દરેક જગ્યાએ પ્લે સ્ટોર કરવામાં આવે છે. રોજના કેસોની સંખ્યા વધી રહી છે. ત્યારે સંતરામપુરમાં મુખ્ય બજાર બસ ચાર રસ્તા અને વિવિધ સ્ટોલો પણ હજુ પણ social distancing પાલન કરવામાં આવતું નથી. દરેક જગ્યાએ ટોળા ને ટોળા ઉમટી પડે છે. સંતરામપુર વધી રહ્યું છે એકસાથે સંતરામપુર નગરમાં ૧૨ કેસ નોંધાતા કોરો બન્યો ઘાતક નગરમાં કેસોની સંખ્યા વધવાથી ચિંતાજનક બન્યો.

## લુણાવાડાના કન્ટેનમેન્ટ ઝોનની તેમજ હોમ આઇસોલેશન દર્દીઓની મુલાકાત લેતાં પ્રાંત અધિકારી

લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા– તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ કેટલાંક નાગરિકો સરકાર દ્વારા અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વારંવાર જણાવવા અને સમજાવવામાં આવતું હોવા છતાં પણ તેનું પાલન કરતાં નથી. જેનું નાગરિકો દ્વારા પાલન થાય અને કોરોના વાયરસના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે લુણાવાડાના પ્રાંત અધિકારી બ્રિજેશ મોઢિયાએ લુણાવાડા નગરમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનની તેમજ હોમ આઇસોલેશન કરવામાં આવેલ કોરોના દર્દીઓની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમિયાન કન્ટેનમેન્ટ વિસતારના નાગરિકો તેમજ દર્દીઓની મુલાકાત લઇને સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર તરફથી આપવામાં આવી રહેલ સુચનાઓનું પાલન કરવા તથા કામ વગર ઘરની બહાર ન નીકળવા અને કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે ફરજિયાત માસ્ક પહેરીને જ ઘરની બહાર જવા અને બહાર જાવ ત્યારે પણ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવાનું સમજાવી તેનું પાલન કરવા અપીલ કરી હતી.

# લુણાવાડાના દરકોલી તળાવ આંગણવાડી કેન્દ્ર ખાતે સગર્ભા માતાઓ અને બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી

લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઇ રહે તે માટે જિલ્લા કલેક્ટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા– તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

કોરોનાની આ મહામારીના સમયમાં પણ આરોગ્ય કર્મચારીઓ નાગરિકોના કોરોનાની સારવારની સાથોસાથ વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરી રહ્યા છે. તદ્અનુસાર અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડાના લુણાવાડા–એક પેટા કેન્દ્ર વિસ્તારમાં આવેલ દરકોલી તળાવ આંગણવાડી કેન્દ્ર ખાતે અર્બન હેલ્થ એન્ડ ન્યુટ્રીશન દિવસની ઉજવણીના ભાગરૂપે સ્ત્રી આરોગ્ય કાર્યકર તેમજ અર્બન આશા બહેનો દ્વારા સગર્ભા માતાઓ અને ૦ થી ૫ વર્ષના બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી.

આ ચકાસણી દરમિયાન ૦ થી વર્ષના બાળકોની ઉંચાઇ, વજનની ચકાસણી કરવાની સાથે રસીકરણની કામગીરી તથા બાળકો માટે બાળશકિત પ્રી મિકસ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ટીમ દ્વારા સગર્ભા માતાઓના એચબી, આરબીએસ, આલબ્યુમીનની તપાસથી તથા વજન, ઉંચાઇ અને બ્લડ પ્રેશરની ચકાસણી કરી સગર્ભા માતાઓને આઇએફએ અને કેલ્શિયમ આલબેન્ડઝોલ ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આરોગ્યની આ ટીમ દ્વરા તમામ સગર્ભા/ધાત્રી માતાઓ સમક્ષ ઓઆરએસનું નિદર્શન કરી સમજાવવામાં આવ્યા હતા તેમજ કિશોરીઓને પૂર્ણ શકિત તેમજ સગર્ભા/ધાત્રી માતાઓને માતૃશકિત અને આયોડિનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્યની આ ટીમ દ્વારા તમામને સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્કની ઉપયોગીતા અને સેનેટાઇઝરના ઉપયોગ વિશે તેમજ માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા પણ સમજાવવામાં આવ્યા હતા.

(પાન નં.૪ નું ચાલુ)

**પંચમહાલ ડીસ્ટ્રીક બાર એસોશીએશન.....**

મોકલી આપવામાં આવ્યો. પંચમહાલ ડીસ્ટ્રીક બાર એસોશીએશન દ્વારા રાજય સરકાર દ્વારા મનસ્વી નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં ગ્રામ્યકક્ષાએ તલાટીઓને ૨૨ પ્રકારની એફિડેવીટ કરવાની સત્તા આપવામાં આવી છે. આ નિર્ણયને લીધે નોટરીઓને તકલીફ ઊભી પડે તેમ છે. જેથી સરકાર દ્વારા નિર્ણય પરત ખેંચવામાં આવે રાજયમાં તલાટીઓને નવી નિમણૂંક થયેલ નથી. જેને લઈ એક તલાટી પાસે ૭ થી ૮ ગ્રામ પંચાયતો વહીવટ કરે છે. જેથી તલાટીઓ પાસે સમયનો અભાવ રહે છે. આથી સામાન્ય પ્રજાને ખૂબ જ હાલાકી ભોગવવી પડે તેવી પરીસ્થિતીનું સર્જાય તેવું છે. ત્યારે સરકાર દ્વારા આવા મનસ્વી નિર્ણય ને પરત ખેંચવામાં નહિ આવે તો બાર કાઉન્સીલ ઓફ ગુજરાતનો આદેશ મળતા આંદોલન કરવાની ફરજ પડશે તે જણાવવામાં આવ્યું.

## સંતરામપુરના ચોથાના મુવાડા અને બટકવાડા ગામોમાં આર્યુવૈદિક ઉકાળાનું વિતરણ કરાયું



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ચોથાના મુવાડા અને બટકવાડામાં આયુર્વેદિક ઔષધી ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું. સંતરામપુર નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના મહામારીમાં અને સંક્રમિત વધી રહેલું છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા મેડિકલ ઓફિસરને સ્ટાફ ઔષધિ આયુર્વેદિક નો ઉકાળો અને હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવેલું હતું. સાથે સાથે કોરોના વિશે સુચના અને માર્ગદર્શન પણ આપવામાં આવેલું સંક્રમણથી બચવા માટે સોશિયલ distance નું પાલન કરવુ masc અવશ્ય પહેરવું વારંવાર સાબુથી હાથ ધોવા આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે મતદાર યાદી પ્રસિદ્ધ કરશે ચૂંટણી પંચ

ગાંધીનગર,
રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. માહિતી મુજબ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આવતીકાલે મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની હદમાં ફેરફાર થતા નવું સીમાંકન તૈયાર કરાયું છે. મળતી માહિતી પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આવતીકાલે મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર મનપાની યાદી પ્રસિદ્ધ થશે. રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું કે નવા સીમાંકન મુજબ મતદાર યાદી પ્રસિદ્ધ થશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૯-૧૦-૨૦૨૦, શુક્રવાર, અધિક આસો વદ-૭
સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૨૫, જૈન નવકારશી-૭-૩૦,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ પુનર્વસુ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
વિજય મુર્હત ૧૨-૧૦થી ૧૨-૫૭ સુધી, ૬-૪૨થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૬ સુધી, ૧૨-૩૪થી શુભ-૧૪-૦૨ સુધી, ૧૬-૫૯થી ચલ-૧૮-૨૬ સુધી, ૨૧-૩૦થી લાભ-૨૩-૦૨ સુધી

- શુભ હોરા-
૬-૪૨ થી ૯-૩૮ સુધી, ૧૦-૩૭થી ૧૧-૩૫ સુધી, ૧૩-૩૨થી ૧૬-૨૮ સુધી, ૧૭-૨૭થી ૧૮-૨૬ સુધી

## દૈનિક રાશીફળ

**તા.૦૯.૧૦.૨૦૨૦ શુક્રવાર**

મેષ(અ.લ.ઈ.) :- વ્યવસાય ક્ષેત્રે નવી તક મલવાની છે. તમો ઈચ્છો છો તે પ્રમાણે સફળતા મેળવવા વધુ મહેનત કરવી પડે.
વૃષભ(બ.વ.ઉ.) :- મહત્વના પરિવર્તન શકય બને સ્વાસ્થ્ય બાબત સુધારા વાળો દિવસ રહે. નોકરીમાં પગાર વધારો શકય બને.
મિથુન(ક.છ.ઘ.) :- નોકરીમાં નવી ઓફર આવે સાઈડમાં આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળે યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.
કર્ક(ડ.હ.) :- પરિવારના સભ્યોના જરૂરીયાતોમાં વધારો થવાનો નવી યોજના સફળ થવાની રહેણાકના મકાનમાં સુધારા કરવાની ઈચ્છા ફળે.
સિંહ(મ.ટ.) :- આત્મવિશ્વાસ જાળવી રાખવો કર્જમાં પ્રશ્નોથી દુર રહેજો લગ્ન ઈચ્છુકોને મનગમતી ઓફર આવે પ્રવાસ થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- શેર સટ્ટામાં અગાઉ કરેલું રોકાણ ફળવાનું છે. નોકરીમાં ચીવટ રાખવી કર્મચારી વર્ગની સાથે સુમેળ રાખવો.
તુલા(ર.ત.) :- વડીલ વર્ગનો સહકાર સારો રહે. રાજકીય રીતે લાભ નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ રહે.
વૃશ્ચિક(ન.ય.) :- કારણ વગરનો તનાવ રહે. આત્મવિશ્વાસ કેળવવો. વિદેશથી ભાગ્યોદયની તક ઉભી થાય.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- સામાજીક પ્રતિષ્ઠા વધવાની મોસાળથી લાભ સગાઈ લગ્નના કાર્યમાં અનુકુળતા કર્જમાં રાહત.
મકર(ખ.જ.) :- નોકરીમાં સફળતા નવી યોજના વડીલોનો સહકાર રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.
કુંભ(ગ.શ.સ.) :- મિલ્કતના પ્રશ્નોમાં કોઈની સલાહ લેજો નવી ઓળખાણ થાય. આવકનું પ્રમાણ વધવાનું છે.
મીન(દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યમાં કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા સ્વાસ્થ્ય જાળવવું આવકનું પ્રમાણ વધવાનું નોકરીમાં લાભ રહે.

### તબલીગી જમાતને લગતી અરજીઓ પર સુનાવણી કરતાં સુપ્રિમે કહ્યું

# હાલના સમયમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનો સૌથી વધુ દુરુપયોગ કરવામાં આવ્યો

ન્યુ દિલ્હી,
તબલીગી જમાતને લગતી અરજીઓ પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હાલના સમયમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનો સૌથી વધુ દુરુપયોગ કરવામાં આવ્યો છે. આ અરજીઓએ ટીવી ચેનલો સામે તબલીગી જમાત વિરુદ્ધ બનાવટી સમાચાર પ્રસારિત કરવા અને નિઝામુદ્દીન મરકઝ ઘટનાને સાંપ્રદાયિક રૂપ આપવાનો આરોપ લગાવતા કાર્યવાહી કરવાની માંગ કરી છે.



કેન્દ્ર સરકારે આ મામલે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કર્યું હતું. જેને લઈને પણ સુપ્રીમ કોર્ટ દ્વારા કડક ટિપ્પણી કરવામાં આવી હતી.

મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેની અધ્યક્ષતાવાળી ખંડપીઠે પણ કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરેલા સોગંદનામા અંગે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે તે એક જુનિયર અધિકારી દ્વારા દાખલ કરવામાં આવી હતી. અને ખાસ કરીને અરજી કરનારે ઉઠાવેલી ખોટી રીપોર્ટીંગના એક પણ બનાવને અહીં વિશિષ્ટ રીતે જોડવામાં આવ્યો નથી.

મુખ્ય ન્યાયાધીશ બોબડે એ સોલિસિટર જનરલને કહ્યું, તમે આ અદાલતની સાથે આ રીતે વર્તન કરી શકતા નથી. આ સોગંદનામું પણ એક જુનિયર અધિકારી દ્વારા દાખલ કરવામાં આવ્યું છે, અને તેમાં ગોળ ગોળ માહિતી આપવામાં આવી છે જેમાં અરજી કરનારે દર્શાવેલા ખોટી રીપોર્ટીંગના એક પણ બનાવને વિશેષ રીતે જોવામાં આવ્યો નથી.

કોર્ટે તુષાર મહેતાને એ સુનિશ્ચિત કરવા કહ્યું હતું કે સબંધિત વિભાગના અધિકારી નવું સોગંદનામું દાખલ કરે. તેમણે સાથે એમ પણ કહ્યું હતું કે આ મામલે સચિવે એ પણ જણાવવું પડશે કે વિશિષ્ટ ઘટનાઓ કે જે યાચિકાકર્તા દ્વારા ઉઠાવવામાં આવે છે તે મામલે તેઓ શું વિચારે છે અને આ પ્રકારનો જવાબ અમને હવે ન આપે જે હમણાં આપ્યો છે. " આ મામલે વધુ સુનાવણી બે સપ્તાહ બાદ નિર્ધારિત કરાઈ છે.

અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ કહ્યું કે સરકારે કહ્યું છે કે આમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા શામેલ છે. આ તરફ મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે, ભાષણની સ્વતંત્રતા એ હાલના સમયમાં સૌથી વધુ દુરુપયોગ કરવામાં આવે છે.જમિઆત ઉલેમા-એ-હિન્દ, પીસ પાર્ટી, મસ્જિદ મદારીઝની ડીજે હલ્લી ફેડરેશન, વક્ફ સંસ્થા અને અબ્દુલ કુદસ લસ્કરે દાખલ કરેલી અરજીઓમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે મીડિયા રિપોર્ટિંગ એકતરફી છે અને મુસ્લિમ સમુદાયને ખોટી રીતે રજૂ કરે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદની ૧૨ ગ્રામપંચાયતો ખાતે વિવિધ સરકારી સેવાઓનો ડિજિટલ સેવાસેતુ થકી પ્રારંભ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ડિજિટલ સેવાસતુ થકી સેવાસેતુમાં ઉપલબ્ધ વિવિધ ૨૨ થી પણ વધુ સરકારી સેવાઓનું ઇ લોન્ચિંગ દ્વારા રાજયવ્યાપી પારંભ કર્યો છે. ત્યારે દાહોદ જિલ્લાના ૧૨ ગામોમાં આજથી ગ્રામજનોને સરકારી સેવાઓ પોતાના ગામમાં જ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત દાહોદના ૩૯૦ ગામોમાં ઓપ્ટીકલ ફાઇબરથી નેટ કનેક્ટીવીટીની કામગીરી પૂર્ણ થઇ હોય ટૂંક સમયમાં આ ગામોમાં પણ ડિજિટલ માધ્યમથી સરકારી સેવાઓ મળતી થશે. ઇ-લોન્ચિંગના કાર્યક્રમમાં રાજયમંત્રી બચુભાઇ ખાબડ ધાનપુરના મેંદરી ગામથી જોડાયા હતા.

ગ્રામ પંચાયતોને ઝડપી નેટ સેવાથી જોડીને વિવિધ સરકારી સેવાઓ જેવી કે આવકના દાખલા, જાતિનો દાખલો, રેશનકાર્ડને લગતી બાબતો, સિનિયર સિટિઝન, બિન અનામત, વિચરતી વિમુક્ત જાતિ વગેરે માટેના પ્રમાણપત્રો, ધાર્મિક લઘુમતી અંગેનું પ્રમાણપત્ર, એફીડેવીટ-સોંગદનામું વગેરે જેવા કામો માટે તાલુકા કક્ષાએ જવાની જરૂર નહી પડે અને ગ્રામજનો પોતાની જ ગ્રામપંચાયત ખાતે સરળતાથી એક જ દિવસમાં આ સેવાઓ મેળવી શકશે.

દાહોદના ૧૨ ગામોમાં આજથી ડિજિટલ સેવાસેતુ સેવાનો પ્રારંભ થયો છે. જેમાં જેમાં ધાનપુરના કોઠારીયા, લીંમડી-મેંદરી, ફતેપુરાના પીપલારા, વડવાસ, પીપળિયા, ગરબાડાના જાબુંઆ, ઝાલોદના કાલીગામ, લીમખેડાના પોલીસીમલ, બર, ઝેરજીતગઢ, સીંગવડના પીસાઇ અને પડાલીયા ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. જયારે ૩૯૦ જેટલા ગામોને આ માટે ઓપ્ટીકલ ફાઇબરની નેટ કનેક્ટીવીટી આપવામાં આવી છે અને ખૂબ જ જલ્દી ત્યાં પણ આ સેવાઓ ડિજિટલી મળતી થશે તથા ગ્રામજનોને તાલુકા કે જિલ્લા કક્ષાએ જવાની જરૂર નહી રહે. ઉપરાંત તબક્કાવાર દાહોદની ૫૫૫ જેટલી ગ્રામપંચાયતોને ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમથી જોડવામાં આવશે.

આજના ડિજિટલ સેવાસેતુના ઇ-લોન્ચિંગ કાર્યક્રમમાં રાજયમંત્રી બચુભાઇ ખાબડ ધાનપુરના મેંદરી ખાતેથી જોડાયા હતા. ઉપરાંત કલેક્ટર વિજય ખરાડી અને નિવાસી અધિક કલેકટર એમ.જે. દવે જિલ્લા સેવા સદન ખાતેના કોન્ફરન્સ રૂમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# સુરક્ષિત દાદા દાદી નાના નાની અભિયાન થકી દાહોદના વરિષ્ઠ નાગરિકોની લેવાઈ રહી છે કાળજી




દાહોદ,

દાહોદ જિલ્લો કોરોના મહામારીનો મજબુતાઇથી સામનો કરી રહ્યું છે. ત્યારે વરિષ્ઠ નાગરિકો કોરોના સંક્રમણથી દૂર રહે તે માટે જિલ્લાના બે લાખથી પણ વધુ ૬૦ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરિકો માટે સુરક્ષિત દાદા દાદી નાના નાની અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં જોડાયેલા સ્વયંસેવકો ફોન દ્વારા વરિષ્ઠ નાગરિકોને કોરોના સંક્રમણ બાબતે જાગૃત કરે છે. સાવચેતીના પગલા બાબતે માર્ગદર્શન આપે છે. તેમની દવાઓના સ્ટોકથી લઇને પેન્શન પણ નિયમિત મળી રહ્યું છે તેની પુષ્ટિ કરે છે અને જરૂર લાગે તો રૂબરૂ મુલાકાત કરીને પણ સિનિયર સિટિઝનની સમસ્યાઓને પણ દૂર કરવામાં આવી રહી છે.

આ અભિયાન નીતિ આયોગ, જિલ્લા વહીવટી તંત્ર, પિરામલ ફાઉન્ડેશન અને સેવાભાવી એનજીઓ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું છે. દેશના ૧૧૨ મહાત્વાકાંક્ષી જિલ્લાઓમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી ચલાવવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લામાં પણ ૮ જુલાઇથી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લાની એનજીઓ જેવી કે સદગુરૂ ફાઉન્ડેશન, ભગીની સમાજનાં સક્રિય સહયોગ ઉપરાંત નેહરૂ યુવા કેન્દ્રના ૧૦૦ સ્વયંસેવકો આ કાર્યમાં જોડાયા છે. આ સ્વયંસેવકો ફોન દ્વારા વરિષ્ઠ નાગરિકોને ઘરમાં કરિયાણું છે કે નહી, કોઇ માનસિક મૂંઝવણ તો નથી અનુભવતા ને ? દવાઓનો સ્ટોક ઘરમાં ઉપલબ્ધ છેકેનહી. કોઇ આર્થિક કેકૌટુંબિક પરેશાની તો નથી ને. એવા પ્રશ્નો દ્વારા તેમની સમસ્યાઓ વિશે માહિતી મેળવી રહ્યા છે. તાલીમ પામેલા સ્વયંસેવકો પોતાના ઘરેથી જ આ કામગીરી કરી રહ્યાં છે.

અત્યાર સુધીમાં સ્વયંસેવકોએ ૯૧૨૯ થી પણ વધુ સિનિયર સિટીઝન પાસેથી ફોન દ્વારા તેમની શારીરિક સ્થિતિથી લઇને માનસિક, સામાજિક, કે કૌટુંબિક સમસ્યાઓ બાબતે પૃચ્છા કરી છે. ઉપરાંત તેમને કોરોના સંક્રમણ બાબતે રાખવાની કાળજીની સમજ આપવામાં આવી છે. ઉપરાંત ૫૭૯ સિનિયર સિટીઝનોએ પોતાની સમસ્યાઓ બાબતે મદદ માંગી હતી. જેમાંથી વહિવટી તંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરી ૫૩૮ થી પણ વધુ વરિષ્ઠ નાગરિકોની સમસ્યાઓ દૂર કરવામાં આવી છે અને હજુ પણ ટીમ દ્વારા કામગીરી ચાલુ છે. નીતિ આયોગ અને પિરામલ ફાઉન્ડેશન ડિવીઝનલ ફેસીલેટર મનિષ વિશ્નોઇ જણાવે છે કે, આગામી સમયમાં જિલ્લાના દરેકે દરેક વરિષ્ઠ નાગરિક સુધી ટેલીફોનીક માધ્યમથી પહોંચવામાં આવશે અને તેમની સમસ્યાઓ ઉકેલવામાં આવશે.


ગુજરાત રાજ્ય યોગ બોર્ડ આયોજિત નિશુલ્ક યોગ શિબિર વડોદરા શહેરના તરસાલી ખાતે રાખેલ હતો. જેમાં વડોદરા શહેર-જિલ્લાના કોચ ડોક્ટર સોનાલીબેન માલા ના નેતૃત્વ હેઠળ યોગ ટ્રેનર જ્યોતિબેન મિશ્રા દ્વારા નિશુલ્ક તાલીમ આપવામાં આવે છે. ત્યાં નારી ટીમ ગુજરાતના પ્રમુખ દિપાલીબેન શાહ ને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને ત્યાં તેઓનું પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવ્યું હતું તે ઉપરાંત ૩૬ થી વધુ મહિલાઓને નારી વિશે સંપૂર્ણ જ્ઞાન આપવામાં આવ્યું હતું.


નારી ટીમ ગુજરાત ના સહયોગથી વડોદરા શહેરના વારસિયા વિસ્તાર ખાતે ૨૦થી વધુ વિધવા બહેનોને લાયન્સ કલબ ઓફ ઈન્ટરનેશનલ બરોડા સ્ટારના માધ્યમ થી દરેક વિધવા બહેનોને સાડીઓ આપવામાં આવી. તે અંતર્ગત લાયન્સ કલબના પ્રમુખ અલકાબેન પંડયા, સેક્રેટરી પારૂલ બેન વ્યાસ અને ખજાનચી વંદનાબેન દેસાઈ સાથે નારી ટીમ ગુજરાતના રાજ્ય પ્રમુખ દિપાલીબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# કેલીયા ખાતેથી નશાબંધી સપ્તાહની પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

નશાબંધી અને આબકારી અધિક્ષક દાહોદ અને લોક કલ્યાણ સેવા ટ્રસ્ટ ના ઉપક્રમે કબીર મંદિર કેલિયા ખાતે નશાબંધી સપ્તાહ પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

કેસરિયા ના પૂર્વ સરપંચ પર્વત સિંહ પટેલ ના અધ્યક્ષતામાં યોજાયો હતો. મહંત ગુરૂ પ્રસાદ આશિર્વાદ આપ્યા હતા. ભૂતવડ શાળાના આચાર્ય કિરણસિંહ બી.ચાવડા એ વિનોબા ભાવે પ્રસાદ ભાગ ૧.૨ ભેટ આપી હતી તેમણે ભજન કીર્તન માં ઉપસ્થિત મહાનુભાવો સંતો મહંતો અને ભજનિકો ને વ્યસન ન કરવા વિનંતી કરી હતી તેમણે જણાવ્યું કે દારૂ બીડી તમાકુ પાન મશાલો ભાંગ ગાંજો ચરસ વિવિધ પ્રકારના વ્યસન થી નુકશાન થાય છે. આ પ્રસંગે નશાબંધી જિલ્લા કચેરી થી જમાદાર અનિલભાઈ.ડી.એમ.પારગી હાજર રહ્યા હતા.આભર ગોવિંદ પટેલ માન્યો હતો.

# દે.બારીઆ શહેરના હોળી ચકલામાં ભૂર્ગભ ગટરનું ઢાંકણ તુટતા અકસ્માતોનો વણઝાર


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં ભૂર્ગભ ગટરનો ચાર્જ હાલમાં કોની પાસે છે. કોન્ટ્રાકટર પાસે છે કે નગરપાલિકા હસ્તક થયો છે. તે કોઈ જાણતું નથી અને કાર્ય કરવા માટે આગળ આવતું નથી. બે વર્ષના સમયથી ભૂર્ગભ ગટર જે હોળી ચકલા વિસ્તારના રોડના વચ્ચોવચ ઢાંકણ તુટેલું છે. જેથી અવરજવર કરતા જનતા તુટેલું ઢાંકણ વૃધ્ધો, મહિલાઓ, બાઈક સવાર કોઈપણ ખાબકશે. ત્યારે નવું ઢાંકણ નખાશે. બન્ને વિભાગના કર્મીઓ રાહ જોઈને બેઠા છે કે શું. તે આમ જનતાનો સવાલ છે. ભૂર્ગભ ગટરનું બીજું ઢાંકણ રાજમહેલ રોડ જ્યાં બે ચાર શાળાઓ આવેલ છે તેમજ ભારે વાહનોની અવરજવર વધારે રહે છે. ત્યાં પણ ભૂર્ગભનું ઢાકણ તુટેલું છે. તે પણ બદલવાની તાતી જરૂર છે. નગરપાલિકાના સાફસફાઈનો સેનેટરીકર્મી મોનીટરીંગમા જતા નથી શું કાર્ય કરવાનું છે તે ખબર પડતી નથી. અથવા ખબર આમ જનતા આપે તો પણ આળશું કર્મીઓ સાંભળવા તત્પર નથી. નગરના વિકાસની કોઈને પડી નથી. કયાં જશે આપણું મહાન ભારત આપણા વડાપ્રધાનના સૂત્ર સ્વચ્છ ભારત મીશનનું શું તે તો આવનારો સમય બતાવશે.

# ઝાલોદના ધોળાખાખરા ગામના સરપંચ દ્વારા ૭ લાખનો ભ્રષ્ટ્રાચાર અને ઉચાપતનો આક્ષેપ

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ ધોળાખાખરા ગામના સરપંચ દ્વારા રૂપીયા ૭ લાખ રૂપીયાનો ભ્રષ્ટાચાર તેમજ ઉચાપત થયાના આક્ષેપો સહિત લેખિત અરજી થઈ હતી. આ સમગ્ર મામલો તપાસના દાયરામાં હતો ત્યારે આ મામલાની ગંભીરતાને ધ્યાને રાખી દાહોદ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તલસ્પર્શી તપાસ હાથ ધરતાં સમગ્ર મામલામાં સરપંચ પોતાની ફરજ અને સત્તાો બજાવવામાં નિષ્ફળ નીવડતાં હોવાનું માલુમ પડતાં ધોળાખાખરા ગામના સરપંચને જિલ્લા વિકાસ અધિકારી રચીત રાજે સરપંચ પદેથી સસ્પેન્ડ કરતો હુકમ કરતાં દાહોદ જિલ્લાના ગ્રામ પંચાયતના ભ્રષ્ટ સરપંચ સહિત તલાટીઓમાં ચકચાર સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, ઝાલોદ તાલુકાના સરપંચ જોધસિંહ ટીટાભાઈ ડામોર દ્વારા રૂપીયા સાત લાખનો ભ્રષ્ટાચાર તેમજ ઉચાપત કરવામાં આવેલ હોવાના આક્ષેપો સાથે તાલુકા વિકાસ અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારીને જાગૃત નાગરિકો દ્વારા લેખિત રજુઆતો કરવામાં આવી હતી. આ બાદ તારીખ ૨૨.૦૬.૨૦૨૦ તથા ૨૧.૦૯.૨૦૨૦ ના રોજની સુનાવણી દરમ્યાન સરપંચ જોધસિંહ ડામોર દ્વારા લેખીત જવાબ રજુ કરવામાં આવ્યો હતો, પરંતુ તેના સમર્થનમાં આધાર પુરાવા, કામના અંદાજપત્ર, તાંત્રીક વહીવટી મંજુરી, કામોના કંમ્પલીશન અંગેના પ્રમાણપત્રો, કામોના ત્રણ સ્ટેવાર ફોટોગ્રાફર વિગેરે રજુ કરવામાં આવ્યા ન હતા. આ સમગ્ર પ્રકરણમાં તાલુકા વિકાસ અધિકારી,ઝાલોદ પાસે અરજદારની રજુઆત સબબ વિગતે તપાસ કરાવતાં રજુ કરેલ અહેવાલથી ગેરરીતિ સમર્થન કર્યુ હતુ.

બીજી તરફ સરપંચ જોધસિંહ ડામોર દ્વારા રજુ કરેલ જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર પુરતા કારણો જણાઈ આવ્યા ન હતા અને તેઓ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયન - ૧૯૯૩ની કલમ - ૫૭(૧) હેઠળ સરપંચ તરીકેની સત્તા અને ફરજો બજાવવામાં નિષ્ફળ નીવડેલ હોવાનું જણાઈ આવતાં દાહોદ જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ દ્વારા તારીખ ૦૫.૧૦.૨૦૨૦ના રોજ ધોળાખાખરા ગ્રામ પંચાયતના સરપંચ જોધસિંહ ટીટાભાઈ ડામોરને સરપંચ પદ પરથી દુર કરવાનો લેખિત હુકમ કરવામાં આવ્યો હતો અને આ ગ્રામ પંચાયતન હસ્તકનો ચાર્જ ઉપ સરપંચને સુપ્રત કરવાનો જણાવ્યું હતું.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૫ કોરોના પોઝીટીવ દર્દીના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૬૫૭ ને પાર થવા પામ્યો છે અને એક્ટીવ કેસની સંખ્યા ૭૧ ઉપર પહોંચી છે.

દાહોદમાં આજે આરટીપીસીઆરના ૩૦૦ પૈકી ૦૪ અને રેપીટ ટેસ્ટના ૮૯૦ પૈકી ૧૧ એમ કુલ મળી આજે ૧૫ કોરોના પોઝીટીવ દર્દીનો સમાવેશ થયો હતો. આ પાંચ પૈકી દાહોદમાંથી ૦૪, ઝાલોદમાંથી ૦૮, દેવગઢ બારીયામાંથી એક અને ગરબાડામાંથી બે દર્દીઓનો સમાવેશ થાય છે આ સાથે કુલ આંકડો ૧૬૫૭ ને પાર થયો છે. આજે વધુ ૧૦ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાતા એક્ટીવ કેસની સંખ્યા ૭૫ રહેવા પામી છે ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી ૭૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમ, દાહોદ જિલ્લામાં કોરોનાનો આંકડો ઉતાર ચઢાવ સાથે આગળ વધી રહ્યો છે.

# જર્મનીથી આવેલ ફેંક કોલથી લીમડીમાં રહતી મહિલાને વિશ્વાસમાં લઈ ૭.૭૫ લાખની છેતરપિંડી કરી

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ચકચારી બનાવ સામે આવ્યો છે. જર્મનીના મોબાઈલ નંબરથી આવેલ ફેંક કોલે લીમડી નગરમાં રહેતી એક ૪૯ વર્ષીય મહિલાને વિશ્વાસમાં લઈ ગીફ્ટ પાર્સલ કરવાની લાલચ આપી જુદા જુદા સમયગાળા દરમ્યાન દિલ્હીની એક અજાણી મહિલાના ખાતામાં રૂા.૭,૭૫,૦૦૦ હજાર નંખાવી છેતરપીંડી કરતાં નગરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આખરે પોતાની સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી થઈ હોવાનો અહેસાસ થતાં મહિલા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

કહેવત પ્રમાણે ‘‘જયાં લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે’’ આ કહેવાત થવા પામી છે. દાહોદ જિલ્લામાં અવાર નવાર અને અગાઉ પણ લોભામણી લાલચો આપી ફેંક કોલ, કોન બનેગા કરોડપતિ વિગેરે ભેજાબાજો દ્વારા લોકોને પોતાના ઝાંસામાં ફસાવી નાણાં લાખ્ખો રૂપીયા ચાઉં કરી જતાં હોય છે. સરકાર દ્વારા પણ અવાર નવાર આવા ફેંક કોલ પર ધ્યાન ન આપવા અને આ બાબતે સતર્કતા દાખવવા પણ અનેકવાર સુચનો સહિત જાહેરાતો પણ કરવામાં આવતી હોય છે પરંતુ કરોડપતિ બનવાની લાલચમાં કેટલાક લોકો આવા ધુતારાઓની જાળમાં ફસાઈ જાય છે અને જીવનભર કમાયેલી પોતાની પુંજી ગુમાવી બેસે છે. આવો જ એક કિસ્સો દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના નાનકડા ગામ એવા લીમડી નગરમાં સામે આવ્યો છે જેમાં લીમડી નગરમાં રહેતી ૪૯ વર્ષીય શર્મિલાબેન કેતનકુમાર રતિલાલ દવે (બ્રાહ્મણ) દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ અનુસાર, તારીખ ૪ ઓગષ્ટથી તારીખ ૨૨ ઓગષ્ટના સમયગાળા દરમ્યાન ડાં.ઈરીચ ગેર્ડ નામના ઈસમ જે હાલ રહેવાસી બ્રિસ્ટોલ, યુનાઈટેડ કિંગડમ મુળ રહે. જર્મની જેનો મોબાઈલ નંબર ૪૪ ૭૭૫૧ ૪૧૪૩૧૮ નાએ પ્રથમ ફેસબુક ઉપર ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી શર્મિલાબેન સાથે વાતચીત કરી હતી અને બાદમાં ગીફ્ટ પાર્સલ મોકલવાની લાલચ આપી મોબાઈલ નંબર ૯૧૯૩૧૧૨૮૧૬૦૭ ઉપરથી ફોન કરાવી એજન્ટ તરીકે ઓળખ આપી હતી એક અજાણી સ્ત્રીએ પાર્સલ છોડવવા માટે નવી દિલ્હીનની કોર્પોરિશન બેંકનું એકાઉન્ટ નંબર અને આઈ.એફ.સી. કોડમાં અલગ અલગ તારીખોમાં, અલગ અલગ બહાના હેઠળ કુલ રૂા.૭,૭૫,૦૦૦ જમા કરાવડાવી વિશ્વાસઘાત, ઠેતરપીંડી કરી ઠગાઈ કરતાં આ સંબંધે શર્મિલાબેન દવે (બ્રાહ્મણ) દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# લીમખેડાના જુગારધામે વિજીલેન્સ રેડ ઝડપાયેલ જુગારધારા કેસમાં લીમખેડા PI, PSI સસ્પેન્ડ કરાયા

લીમખેડા,

ગાધીનગર સ્ટેટ વીજીલન્સ ટીમ દ્વારા દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં મસમોટા જુગાર ધામ પર રેડ પાડી ૨૬ જેટલા જુગારીઓને ઝડપી પાડવાની ઘટનાના પ્રત્યાઘાત ઉચ્ચસ્તરીય પડતા લીમખેડાના પી.આઈ. અને પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરી દીધા હોવાની ખબરો સાથે દાહોદ જિલ્લા પોલીસ આલમમા ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી માહિતી પ્રમાણે ગતરોજ લીમખેડા નગરના શાસ્ત્રી ચોક ખાતે ધમધમતા જુગાર ધામ ઉપર ગાધીનગરની સ્ટેટ વીજીલન્સ ટીમે ઓચિંતી છાપો મારતાં જુગારીઓમા નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા પરંતુ પોલીસે જુગારીઓને ચારેય તરફથી ઘેરી લેતા ૨૬ જેટલા નબીરાઓને પોલીસે ઝડપી પાડ્યા હતા જયારે બીજા કેટલાક નાસી જવામા સફળ પણ રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૧ લાખ રૂપીયા, ૨૪ મોબાઈલ ફોન, પાચ વાહનો મળી કુલ રૂા.૩.૪૩ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. આ સમગ્ર ઘટનામા સ્થાનીક પોલીસ ઉધતી ઝડપાઈ હોવાનું પ્રતિત થતાં મોડીરાત્રે એક્શનમાં આવેલ મલા. દ્વારા લીમખેડાના પી.આઈ. કે.એલ.પટણી અને પી.એસ.આઈ. એસ.બી.નકુમને સસ્પેન્ડ કરી દેતાં દાહોદ જિલ્લા પોલીસ બેડામા સ્તબ્ધતા સહિત ખળભળાટ મચી જવા પામ્યો હતો.

# ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના પ્રમુખ ડો. કેતન પટેલની દાહોદના ગરબા આયોજકોને નવરાત્રી આયોજન મુલત્વી રાખવા અપીલ



દાહોદ,

ઈન્ડિયન મેડિકલ એસોસીએશનના પ્રમુખ ડો. કેતન પટેલે દાહોદ જિલ્લાના ગરબા આયોજકોને અપીલ કરી છે કે તેઓ આ વર્ષનું નવરાત્રી આયોજન મુલત્વી રાખે. કારણ કે મોટા મેળાવડા કરવાથી કોરોના સંક્રમણમાં મોટો ઉછાળો આવી શકે છે.

ડો કેતન પટેલે જણાવ્યું કે, સમગ્ર વિશ્વમાં કોરોના મહામારીનો વ્યાપ વધી રહ્યો છે અને કેસોની સંખ્યા વધી રહી છે તથા કેટલાંય લોકો મોતને ભેટયાં છે. ત્યારે દાહોદમાં કેસોનું પ્રમાણ ઘટયું છે અને સ્થિતિ કાબૂમાં છે. પરંતુ કોરોના અજ્ઞાત શત્રુ છે જો ગાફેલ રહીશું તો ગમે ત્યારે કોરોનાનો શિકાર બનીશું. પેલી કહેવત નજર હટી દૂર્ઘટના ઘટી જેવી આ વાત છે. માટે કોરોના સામે સાવચેત રહો. દરેક વ્યક્તિ સસ્પેક્ટેડ કોરોના પોઝિટિવ છે એમ વિચારીને જ આપણું વર્તન રાખવાનું છે.

દાહોદમાં કેસો ઘટયાં છે તેનો શ્રેય કલેક્ટર અને તેમની પૂરી વહીવટી તંત્રની ટીમને જાય છે. સાથે દાહોદના જાગૃત નાગરિકોનો પણ એમાં એટલો જ ફાળો છે. નાગરિકોએ એસએમએસનાં સૂત્ર- એટલે કેસોશ્યિલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનિટાઇઝર જેવી બાબતોનું સારી રીતે પાલન કર્યું છે અને તેને જીવનમંત્ર બનાવ્યો છે. કોરોનાનો અક્સીર ઇલાજ ન આવે ત્યાં સુધી આપણે માસ્કને જ વેક્સિન ગણવાની છેઅને તો જ આપણો કોરોનાથી બચાવ થશે.

તેમણે જણાવ્યું કે, કોરોના સંક્રમણના આ સમયમાં આપણે ઘણાં તહેવારો ઘરે રહીને જ ઉજવ્યા છે. જેના સારા પરિણામ મળ્યા છે. આપણે ગણેશ ચર્તુથી, મહોરમ વગેરે તહેવારો સમયે વહીવટી તંત્રની સૂચનાઓનું પાલન કરીને ઘરે રહીને જ તહેવારો ઉજવ્યા છે અને જાહેર મેળાવડાઓથી દૂર રહ્યાં છે.

દાહોદનાં ડોક્ટરો દ્વારા પણ છેલ્લા સાત વર્ષથી નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોના મહામારીને ધ્યાનમાં લઇને ગરબાનું આયોજન મોકુફ રાખ્યું છે. જાહેર મેળાવડાથી કોરોના સંક્રમણ ઘરના જ સગાસંબધીઓ સુધી પ્રસરે છે માટે લોકહિતને ધ્યાનમાં લઇને બધા ડોક્ટરોએ સર્વાનુંમતે ગરબા ન કરવાનો નિર્ણય કર્યો છે. દાહોદ જિલ્લાના ગરબા આયોજકો પણ ફરી એક વાર વિચારે અને આ વર્ષે નવરાત્રીનું આયોજન મુલત્વી રાખે તે સૌના હિતમાં છે. સૌ નાગરિકો પણ ઘરે રહીને જ માતાજીની આરાધના કરે અને મોટા મેળાવડાથી દૂર રહી ઘરે જ નવરાત્રી ઉજવે. આવતા વર્ષે આપણે સૌ બમણાં જોશ સાથે નવરાત્રીનું આયોજન કરીશું.

# વેજલપુર ગ્રામ પંચાયત ના વોર્ડ નં ૪ ના મહિલા સભ્ય ની મેહનત રંગ લાવી


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામ મા અનેક વિસ્તારોમાં પીવાના પાણીનો આઝાદી પેહલા વર્ષો જૂનો પ્રશ્ન હોય જેને લઈને વેજલપુર ગ્રામ પંચાયત ની ૨૯/૯/૨૦૨૦ ની સામાન્ય સભામાં વોર્ડ નં ૪ ના મહિલા સભ્ય કુલસુમ બીબી સલીમ કઠિયા એ વેજલપુર ગ્રામ પંચાયતના તલાટી ક્મ મંત્રી ને લેખિતમાં રજુઆત કરી કે ઉંચાઈ વાળા વિસ્તાર સુબોમિયા ગલી, જૈન દેરાસર ફળિયુ, કાકણ ફળિયુ, પારેખ ફળિયુ, શેઠ ફળિયુ, દીવાન ફળિયુ, ભાટિયા વાળી ગલી અસ્વીન ડોક્ટર વાળુ ફળિયુ, ખડચાત વાળુ ફળિયુ, સ્કુલ વાળી ગલી, અલંકાર ફળિયુ, માળી ફળિયુ, મંદિર ફળિયુ, ધોબી વાળી ગલી ના વિવિધ વિસ્તારોમા આઝાદી પછી તેમજ આઝાદી પેહલા આજદિન સુધી પીવાનુ મીઠુ પાણી મળેલ નહોય જેથી સુરેલી રોડ સર્કલ સુધી નર્મદા પાણી ની લાઈન કરેલ હોય જેથી ટોટો પાઈપ માળી જોઈન્ટ કરવા અંગેની લેખિત રજુઆત કરેલી હતી. જેથી વેજલપુર ગામ ના સરપંચ અને તલાટી ક્મ મંત્રી દ્વારા તાત્કાલીક અરજીને ધ્યાને લય ને પાઈપ જોઈન્ટ કરી દેતા લોકોમાં ખુશી જોવા મળી.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 42

## વધુ એક પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરના વહીવટનો નમૂનો

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાડતા કાલોલ નગરપાલિકા અને પ્રાદેશિક નગર પાલિકા કમિશ્નર





ગોધરા,
ગોધરા બાદ કાલોલ નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતાના નામે મીંડુ જોવા મળે છે. ઠેરઠેર રહેણાંક તથા દુકાનો પાસે ફેંકાયેલ કચરાઓની સાફસફાઈ હાથ નહી ધરાતા અસહ્ય દુર્ગંધ મારવા સાથે કોરોનાની મહામારીમાં રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. ભાજપા સાશિત નગરપાલિકા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાવી રહી છે. જેથી રહીશો દ્વારા કાલોલ નગરપાલિકાની ઉદાસીનતા બાબતે સામાન્ય સાફસફાઈના પ્રશ્ને વડોદરા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર કચેરીમાં રજુઆતો બાદ પણ સ્થિતી જૈસે થે રહેતા વડોદરા અને કાલોલ તંત્રની મિલીભગત જોવા મળે છે.

ગોધરા શહેરમાં નગરપાલિકા દ્વારા પાયાની સુવિધા પાણી, રસ્તા, વિજળી, બાંધકામ, સ્વચ્છતા પૂરી પાડવામાં અવારનવાર ફરિયાદો ઊઠી રહી છે. દિવસોથી વડોદરા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર સુધી રજુઆતો કરવા છતાં નિવડો આવતો નથી. હવે ગોધરા બાદ કાલોલ શહેરમાં સ્વચ્છતાનો પ્રશ્ન એ વિકરાળ મોં ફાડયું છે. ગોધરા નગરપાલિકાની માફક કાલોલ નગરપાલિકા પણ વખતોવખત વિવિધ વેરા વધારીને તેમાંય સ્વચ્છતાના નામે તોતીંગ વેરા ઝીંકવામાં આવતા હોય છે. દરવખતે વિરોધપક્ષ કે નાગરિકો દ્વારા વેરા વધારવા સામે વિરોધ કરીને પૂરતી સેવા આપો તેવી માંગ કરવામાં આવે છે. પરંતુ ભાજપા શાસિત સત્તાધીશો પોતાનું ધાર્યું કરીને વેરા વસૂલીને ગરીબ અને મદયમ વર્ગના નાગરિકોની કમર તોડી નાખે છે. તેના બદલામાં નિયમિતપણે સફાઈ કાર્ય હાથ ધરવામાં આવતી ન હોવાની ફરિયાદો તેના સ્થાને રહી જાય છે. કાલોલ શહેરના બસ સ્ટેશન, વૃંદાવનનગર સોસાયટીના મુખ્ય માર્ગ પર, એમ.જી.વી.સી.એલ. સામે, ગધેડી ફળીયાના નાકાપર, નગરના વિવિધ આંતરિક માર્ગો, મહર્ષિ તરફનો રોડ, ત્રણ ફાણસ, મહાલક્ષ્મી તરફનો રોડ, નગરપાલિકાની બાજુમાં નવાપુરા પાછળનો રોડ, કાલોલ સારસ્વત, કાલોલ ત્રણ ફાણસની હનુમાન મંદિર તેમજ પરવડીથી સ્મશાન થતો રસ્તાનો સમાવેશ થાય છે. જ્યાં છેલ્લા કેટલાક દિવસોથી ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. પાલિકા દ્વારા નિમાયેલ સફાઈ માટેના ડોર ટુ ડોર વાન કચરા કલેકશન, કાયમી તથા હંગામી સફાઈ કર્મીઓ દ્વારા નિયમિત પણે સફાઈ કરાતી નથી. મનસ્વીપણે આવવું અને રેઢીયાળનીતિએ કામ કરીને જતા રહેવું. આ કામચોરીની દાનત પાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર દ્વારા કોઈ દેખરેખ રાખવામાં આવતી નથી. આ કચરા અંગે નગરપાલિકાને ફરિયાદ કરવા છતાં કોઈપણ જાતની કાર્યવાહી કરાતી નથી. એટલું જ નહિ ચુંટાયેલા સભ્યોને મતદારો જ્યારે સફાઈ કામ અંગે રજુઆતો કરવા છતાં પાલિકાના અધિકારીઓ જ ગાંઠતા નથી. તો જાએ તો જાએ કહાં તેવો કડવો અનુભવ કરી રહ્યા છે. ઠેરઠેર સાફસફાઈના અભાવે કચરાઓના ઢગલાઓ દિવસે દિવસે વધતા જઈ રહ્યા છે. જેમાં મૂંગા પશુઓ આરોગી રહ્યા છે. આ ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાતા રહીશો અને વેપારીઓ તથા આવતાજતા લોકો ત્રાહિમામ પોકારી ઊઠીને કોરોનાના સમયમાં રોગચાળાની ભીતિ સેવી રહ્યા છે. આ પાછળ નગરપાલિકા દ્વારા સ્વચ્છતાની કામગીરી માટે ખાનગી કોન્ટ્રાકટરને ઊંચા ભાવે ટેન્ડર આપવામાં આવેલું છે પણ ડિઝલ અને પોતાના સફાઈ કર્મીઓના પગાર બચાવવા માટે ૧૦ દિવસમાં એકાદવાર કચરો ઉઠાવી જઈને આર્થિક કટકી કરી રહ્યા છે. આ બાબતે ભાજપાના સત્તાધીશો તથા મુખ્ય અધિકારી જાણવા છતાં

- કાલોલ નગરપાલિકા અને વડોદરા પ્રાદેશિક કમિશ્નરની સ્વચ્છતા પ્રશ્ને મીલીભગત.
- છેલ્લા કેટલાક દિવસોથી જુદા જુદા વિસ્તારોમાં ગંદકીના ઢગથી લોકો ત્રસ્ત.
- કોરોના સમયમાં રોગચાળાના ભીતિથી ચિંતાતુર.
- ડોર ટુ ડોર કચરા કલેકશનના કોન્ટ્રાકટર તથા પાલિકા વચ્ચે સાંઠગાંઠથી અનદેખી.
- કાલોલવાસીઓ દ્વારા વેરા ચુકવવા છતાં ગંદકીનો પ્રશ્ન.
- દિવસો સુધી સફાઈ નહીં થતા ત્રસ્ત બનેલા લોકોએ વડોદરા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નરને રજૂઆત કરાયેલી છે.
- રજૂઆત બાદ પણ વડોદરા કમિશ્નર સામાન્ય સ્વચ્છતા સુવિધા બાબતે બેફિકર.

કોઈપણ એકશન લેવાયો નહીં આવતા તેઓ બન્ને વચ્ચે મિલીભગત હોવાના નગરજનો આક્ષેપ કરી રહ્યા છે. અને લોકો ગંદકીનો સામનો કરી રહ્યા છે. નરેન્દ્ર મોદી સ્વચ્છતા અભિયાનનો અહીં સુરસૂરીયું જોવા મળે છે. આ પાછળ કોઈ મેલી રમત રમાઈ હોવાનું જણાઈ રહ્યું છે. સ્વચ્છતા અંગે પાલિકાને રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા છેવટે પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર વડોદરા કચેરીમાં ઘણા સમયથી સફાઈના પ્રશ્ને અસંખ્ય નાગરિકો દ્વારા ફરિયાદો રજૂ કરાયેલી છે. પરંતુ સફાઈ જેવી બાબતે પણ કમિશ્નર દ્વારા અનદેખી કરાઈને કાલોલ નગરપાલિકાને સ્વચ્છતાના આદેશ આપી શકતા નથી. તેઓ દ્વારા કોઈ નિર્ણય પાલિકાને આપી ન શકતા શું ભાજપાના સભ્યોથી આ કમિશ્નર દબાણ હેઠળ છે. તો કયા દબાણ હેઠળ છે તે બાબત પ્રજાને સમજાતી નથી. હાલમાં કાલોલ નગરપાલિકા તો સ્વચ્છતા બાબતે નિષ્ફળ છે. તેવી રીતે પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર પણ મિલીભગત હેઠળ પ્રજાના કામ નહી કરીને પોતાના અનઘડ વહીવટનો પરિચય પ્રજાને આપતા કાલોલવાસીઓ ભારે નારાજગી અનુભવી રહ્યા છે. જો આગામી દિવસમાં આ વિસ્તારોમાંથી ગંદકીના ઢગલા નહીં ખસેડાય તો વડોદરા પ્રાદેશિક નગરપાલિકા કમિશ્નર કચેરી વડોદરા ખાતે કાલોલના નાગરિકો મોટી સંખ્યામાં પહોંચીને હલ્લાબોલ કાર્યક્રમ યોજવાનું ખાનગીમાં આયોજન ઘડી રહ્યાનું જાણવા મળે છે.

## ગોધરા તાલુકાના ગદૂકપુર ખાતે મંત્રી જયદ્રથસિંહ પરમારની અધ્યક્ષતામાં ડિજિટલ સેવાસેતુ કાર્યક્રમનો યોજાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજ્યની ૨૦૦૦ કરતા વધુ ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવા સેતુનું રાજ્યવ્યાપી લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્ય મંત્રી જયદ્રથસિંહ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો હતો. ગોધરા તાલુકાના ગડુકપુર ગ્રામ પંચાયત ખાતે યોજાયેલા કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે વન ડે ગર્વનન્સની સેવાઓ લોકોને ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવાના સફળ પ્રયાસ અંતર્ગત ઓફલાઈન સેવાસેતુના પાંચ તબક્કા બાદ કોરોના કટોકટીને ધ્યાનમાં લઈને ડિજિટલ સેવાસેતુની શરૂઆત કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શરૂઆતના તબક્કે ૨૨ સુવિધાઓ ભારતનેટ કનેક્ટિવિટી હેઠળ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ જણાવતા મંત્રીએ ઉમેર્યું હતું કે પ્રથમ તબક્કામાં પંચમહાલ જિલ્લાના ૬૨ ગામોમાં આ સુવિધા કાર્યરત કરાઈ છે. જે ક્રમશઃ જિલ્લાના તમામ ગામોમાં ઉપલબ્ધ કરાવાશે તેમજ સેવાઓની સંખ્યા પણ વધારીને ૫૦ સુધી લઈ જવાશે. મંત્રીએ જણાવ્યું હતું કે વૈશ્વિક મહામારી કોરોનાના કહેર વચ્ચે પણ છેવાડાના માનવીને મળતી સેવાઓ ન ખોરવાય તે માટે દેશમાં પ્રથમ તેવી આ ક્રાંતિકારી પહેલ કરવામાં આવી છે. કોઈપણ વચેટિયાની મદદ વગર ગ્રામજનોના કામો ઝડપથી પૂર્ણ થાય અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું 'આત્મા ગામડાંનો પણ સુવિધા શહેરોની'નું સપનું સાકાર કરવાની દિશામાં ડિજિટલ સેવાસેતુ મહત્વનું કદમ બની રહેશે તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય અને શાસક પક્ષના નેતા કકુલ પાઠકે ગ્રામ્યસ્તરે આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતા ગ્રામ્યજનોએ તાલુકા મથક- શહેર જવાની જરૂર નહીં પડે અને તેમના સમય- શક્તિનો બચાવ થશે એમ જણાવી આ સંવેદનશીલ પહેલ માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ડિજિટલ સેવા સેતુના લાભાર્થીઓને મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે દાખલા- પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાંત અધિકારી વી.આર. સક્સેનાએ શાબ્દિક સ્વાગત અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી આભાર પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી અધિકારી જે.ડી. ચારેલ, ગોધરા મામલતદાર બી.વી પરમાર સહિતના અધિકારીઓ- પદાધિકારીઓ અને ગ્રામજનો સોશિયલ ડિસ્ટનસિંગના પાલન સાથે ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૪૭૮ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૪ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૪૭૮ થવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૦૫, હાલોલ-૧૪, કાલોલ-૦૩, શહેરા-૦૧, ઘોઘંબા-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે.

- ૧૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૮૩.
- મૃત્યુ આંક - ૧૧૫.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## કાલોલમાં મનરેગા યોજનાને થકી સરપંચોનું કમાવવાનું સાધન : ક્યાંક કામ થયું તો ક્યાંક ન થયું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ તાલુકાની બોરૂ ગ્રુપ ગ્રામપંચાયતમાં આવેલ બોરૂની મુવાળી ગામમાં આશરે ૩૦-૩૫ ઘર આવેલાં છે.ત્યાં ઘણા સમયથી પાકો રોડ બન્યો નહોતો પરંતુ વાંરવાર ગામલોકો ની રજુઆત સાંભળી ગામના સરપંચ દ્વારા મનરેગા યોજના હેઠળ આશરે ૫૦૦-૬૦૦ મીટર જેટલો માટી મેટલ રસ્તો મંજૂર કરી અને ત્રણ ચાર મહિના પહેલાં ત્યાં મેટલ નાખવામાં આવ્યા હતાં.ત્યારબાદ આજદિન સુધી તે ગામમાં તે રસ્તા ઉપર કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં ન આવતાં આખરે ગામલોકોએ આક્રોશ વ્યક્ત કર્યો અને બોરૂ ગ્રામપંચાયતના સરપંચ સાથે વાતચીત કરતાં એવું જણાવ્યું હતું કે આવતાં ૧૦-૧૫ દિવસમાં તે કામ પૂર્ણ થઈ જશે તો હવે આપણે જોવાનું એ રહ્યું કે શું ખરેખર આ ગામલોકો ના રસ્તાનું સમાધાન થશે કે પછી પાણી નું નામ ભુ? તે કહેવત પ્રમાણે ખાલી ચર્ચા થશે.

## પંચમહાલ ડીસ્ટ્રીક બાર એસોશીએશન દ્વારા ૨૦ પ્રકારની એફિડવિટની સત્તા તલાટીને સોંપવાના વિરોધ સાથે નિર્ણય પરત ખેંચવાની માંગ

ગોધરા,
પંચમહાલ ડિસ્ટ્રીક બાર એસોશીએશન દ્વારા રાજ્ય સરકાર દ્વારા મનસ્વી નિર્ણય લેવામાં આવ્યો છે અને ગ્રામ્યકક્ષા એ તલાટીઓને ૨૨ પ્રકારની એફિડેવીટ કરવા સત્તા આપવામાં આવી છે. તેનો વિરોધ કરી આ આદેશ પરત ખેંચવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા બાર એસોશીએશન દ્વારા ઠરાવ કરી બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને

(અનુ.પાના.નં.૨)

## કાલોલ બાર એસોસિયશનના ધારાશાસ્ત્રીઓએ મામલતદાર ને આવેદનપત્ર આપ્યું


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ બાર એસોસિયેશનના ધારાશાસ્ત્રીઓ દ્વારા ૬/૧૦/૨૦૨૦ના રોજ ગુજરાત સરકારએ ઓથ એક્ટ ૧૯૬૯ ની કલમ-૩ હેઠળ તલાટીઓની તરફેણમાં સોગંદનામાની સત્તા સોંપવા સામે વિરોધ પ્રગટ કરી ધારાશાસ્ત્રીઓ એ કાલોલ મામલતદારને આવેદનપત્ર આપ્યું.

કાલોલના ધારાશાસ્ત્રીઓએ ગુજરાત સરકારની વિવિધ સેવાઓ માટે ડીજીટલ સેવા સેતું માધ્યમથી માત્ર રૂા. ૨૦/- ની ફરીથી ૨૨/- જેટલી સેવાઓ ૮ ઓકટોબરનાથી ઓનલાઈન શરૂ કરવાનો નિર્ણય લેતાં રેશનકાર્ડ, આવકનો દાખલો, વિધવા દાખલો, કિમીલીયર સર્ટીફીકેટ ગ્રામ્ય કક્ષાએ થશે અને સરકારે આ સેવા ઓ માટે ઓથ એક્ટ ૧૯૬૯ ની કલમ-૩ અન્વયે ગ્રામ્ય કક્ષાએ એફીડેવીટ (સોગંદનામું) કરવાની સત્તા જેને ગ્રામ્ય કક્ષાના તલાટી કમ મંત્રીઓને સોંપતાં ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણયનો કાલોલ એસોસિયેશને ઉગ્ર વિરોધ કરી પ્રજાને પડતી મુશ્કેલીઓ ભરેલું આવેદનપત્ર ધારાશાસ્ત્રીઓ એ કાલોલ મામલતદાર ને આપ્યું હતું. તદ્દપરાંત યુપીના હાથરસમાં થયેલી મહીલા ઉપર દુષ્કર્મ ઘટના અને દેશને પોલીસ તંત્ર અને સરકારી તંત્ર કેટલું નિભેર છે. તેમજ કેટલી બેજવાબદારી પૂર્વકવર્તી શકે છે. તે ફરી એકવાર પૂરવાર કરી આપ્યું છે. એક દલીલ પરીવારરની યુવાન દિકરી સાથે જાતીય હિંસા થાય છે. તેમજ પોલીસ મુતકની લાશને તેના સ્વજનોની હાજરી વગર જબરદસ્તીથી અંતિમ સંસ્કાર કરી દેવાતા આ ઘટના ખુબજ કરૂણ અને માનવીય સંવેદનાઓ હચમચાવી નાંખનાર છે. તેમજ ૨૫/૯/૨૦૨૦ નાં રોજ કચ્છ જિલ્લા ના રાપરગામે વરીષ્ઠ વકીલ ને ઈન્ડીયન એડવોકેટ એસોશીએશન ગુજરાતના અધ્યક્ષ દેવજીભાઈ મહેશ્વરી, એડવોકેટ જેઓનું દિનદહાડે ઓફીસ બહાર હત્યા માનવીય સંવેદનાઓ હચમચાવી નાખનાર ઘટના બની. જેને કાલોલ ધારા શાસ્ત્રીઓએ સખત શબ્દોમાં વખોડી કાંઠે છે. આવા ગંભીર પ્રકારના ગુનાં ઉપર સરકાર નિયંત્રણ લાવે અને આવા બનાવોના કેશો ફાસ્ટ ટ્રેક કરી કોટેમાં ઝડપથી ચલાવી આરોપીઓ ને ફાંસીની સજા આપે તેવા ઠરાવો કરી કાલોલ મામલતદાર ને સરકાર સુધી અવાજ પહોંચાડવા કાલોલ ધારાશાસ્ત્રીઓએ મામલતદાર ને આવેદનપત્ર આપ્યું હતું.

## ગોધરા તાલુકાના રણીયા ગામની સીમમાં ઝાડીમાં સંતાડી રાખેલ ૨૮ હજારના દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો



ગોધરા,
ગોધરા તાલુકા રણીયાની મુવાડી ગામની સીમમાં નર્મદા કેનાલના નાળાની ઝાડીઓમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી દારૂના કવાટરીયા કિંમત ૨૮,૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના રણીયાની મુવાડી ગામની સીમમાં નર્મદા કેનાલના નાળાની ઝાડી ઝાંખરાઓમાં જગદીશ ઉર્ફે જગો હિંમતસિંહ સોલંકી (મોકળ-કાલોલ) એ ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ નંગ-૨૮૮ કિંમત ૨૮,૮૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે ઈસમને પોલીસે ઝડપી પાડયો હતો. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ઉનાળાની સીઝનમાં સિંચાઈ પાણી નહી મળે : પાનમ અધિક્ષક



ગોધરા,
પંચમહાલ જીલ્લાના શહેરા નજીક આવેલ પાનમ ડેમમાંથી આગામી ઉનાળાની સીઝનમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવશે નહિ. ઉનાળાની સીઝમાં સિંચાઈનું પાણી નહિ આપવાના નિર્ણયથી ૧૩૨ ગામોના ખેડુતો ઉનાળું સિંચાઈ ખેતીથી વંચિત રહેશે. પંચમહાલ જીલ્લાના પાનમ જળાશયમાં ચાલુ વર્ષ ચોમાસાની સીઝનમાં ૨૦ ટકા પાણીનો જથ્થો ઓછો હોવાને લઈને પાનમ સિંચાઈ સમિતિ દ્વારા ઉનાળુ સીઝનમાં સિંચાઈનું પાણી ન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. પાનમ ડેમમાં હાલની ૧૨૫.૮૦ મીટર પાણીની સપાટી છે. જેને લઈ સિંચાઈ માટે પાણી આપવામાં નહિ આવે તેવા નિર્ણય લેવામાં આવ્યો છે. ઉનાળાની સીઝનમાં પાનમ ડેમમાંથી સિંચાઈ માટે પાણી નહિ આપવાના નિર્ણય થી પાનમ સિંચાઈ આધારીત ૧૩૨ ગામોના ખેડુતોને સીધી અસર થશે. પાનમ સિંચાઈ આધારીત ૧૩૨ ગામો ઉનાળાની સીઝનમાં પાક લઈ શકે નહિ. જેને લઈ ખેડુતોને ભારે નુકશાન વેઠવાનો વારો આવશે.

## ગોધરા તાલુકાના માલના મુવાડા ગામે ૫૦ વર્ષીય આધેડ ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત

ગોધરા,
ગોધરા તાલુકાના માલના મુવાડા ગામે સાસરીમાં જઈક કોઈઅગમ્ય કારણોસર ૫૦ વર્ષીય આધેડે ઝેરી દવા પી લીધી હતી. જેઓનું સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના વેલવડ ગામે રહેતા વખતભાઈ કાનભાઈ સોલંકી ઉ.વ.૫૦ જે પોતાની સાસરી માલના મુવાડા ગામે ગયા હતા. જ્યાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયા હતા. જેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.